# ધોરણ – 11-12
# સંસ્કૃત (129)
# અભ્યાસક્રમ સંરચના

## (1) સંસ્કૃતશિક્ષણની ભૂમિકા

સંસ્કૃત ભારતની પ્રાચીનતમ ભાષા હોવાની સાથે સાથે સાંસ્કૃતિક રાષ્ટ્રભાષા પણ છે. ભારતીય પ્રાચીન સભ્યતા તથા સંસ્કૃતિની વાહક છે. સમગ્ર રાષ્ટ્રને એકસૂત્રમાં બાંધનારી મહત્ત્વની કડી છે. આ ભાષા માત્ર ભારતની જ નહી. પરન્તુ વિશ્વની અનેક ભાષાઓની જનની છે. આ સ્થિતિમાં ભારતીય શિક્ષણની સમગ્ર પ્રક્રિયાને સંસ્કૃતભાષા શિક્ષણથી અલગ પાડીને જોવું એ અસંભવ છે. આ કારણે જ આપણા અભ્યાસક્રમમાં અનાદિકાળથી સંસ્કૃતભાષાનું અચલ સ્થાન રહ્યું છે.

## (2) સંસ્કૃતશિક્ષણની અનિવાર્યતા હેતુઓ

1. સંસ્કૃતભાષાશિક્ષણ પ્રાચીનકાળથી માનવના શારીરિક, માનસિક, આત્મિક તથા સામાજિક વિકાસનું ઉત્તમ માધ્યમ રહ્યું છે. આજે પણ તે માનવના શારીરિક, માનસિક, આત્મિક અને સામાજિક એમ ચતુર્વિધ વિકાસને સાધવાનું ઉત્તમ સાધન છે.
2. સંસ્કૃતભાષાની સંરચના સમ્પૂર્ણરીતે વૈજ્ઞાનિક છે. તેનું પોતાનું ભાષાકીય બંધારણ દરેક ભાષાના આન્તરિક બંધારણને સમજવા માટે ખૂબ જ ઉપયોગી છે. આ કારણે સંસ્કૃતભાષાનો અભ્યાસ કરનારા બાળકને પોતાની માતૃભાષા અથવા બીજી કોઈ પણ ભાષાને તથા તે ભાષાના વ્યાકરણને સમજવા-ભણવા માટેની ઘણા અનુકૂળતા કરી આપે છે.
3. સંસ્કૃતભાષામાં રચાયેલું સમગ્ર સાહિત્ય માનવીય મૂલ્યોને સતત ઉજાગર કરતું હોવાથી તે ભણનારને માનવીય મૂલ્યોની સમજ આપે છે અને વ્યક્તિની પોતાની વૈચારિક પ્રક્રિયા પર દૂરગામી અનુકૂળ અસર વર્તાવે છે.
4. સંસ્કૃતભાષા પોતાના વિશાળ શબ્દભંડોળથી અતિશય સમૃદ્ધ ભાષા છે. તે નવા નવા શબ્દોનું નિર્માણ કરી શકવાની વિશેષતાને કારણે આપણી માતૃભાષા (ગુજરાતી) તથા દેશની અન્ય ભાષાઓના શબ્દભંડોળને સમૃદ્ધ કરવાનું કામ પણ કરી શકે છે. આમ જો સંસ્કૃતભાષા શીખી હોય, તો તે કારણે આપણી માતૃભાષા, આપણી રાષ્ટ્રભાષા તથા અન્ય પ્રાન્તીય ભાષાને શીખવાનું તથા તે તે ભાષાના શબ્દરાશિને સમૃદ્ધ કરવાનું સાધન બની રહે છે.
5. માનવજીવનની દૈનંદિન અનેક ક્રિયાકલાપોમાં એક યા બીજી રીતે સંસ્કૃતનમા મન્ત્રો, શ્લોક કે વચનોને ગવાતાં હોય છે. ભાવપૂર્વક ગવાતાં આ સંસ્કૃત વચનોનો વક્તા-શ્રોતાને જો અર્થબોધ થતો રહે, તો સ્વાભાવિક જ છે કે વક્તા તેમજ શ્રોતાને માટે એ ગાન સાર્થક બને છે. અને તેમના આનંદમાં વધારો કરે છે. આ માટે પણ સંસ્કૃતભાષાનું શિક્ષણ અનિવાર્ય બની જાય છે.
6. સંસ્કૃતભાષા પાસે અદ્વિતીય સાહિત્યની સમૃદ્ધિ છે. એ સાથે સાહિત્યમાં અનેક પ્રકારના જ્ઞાન વિજ્ઞાનનો સંગ્રહ છે. તેનું સંરક્ષણ, સંવર્ધન તેમજ પ્રસારણ કરવું એ આપણું વારસાગત ઉત્તરદાયિત્વ છે. તે માટે પણ સંસ્કૃતભાષાનું શિક્ષણ જરૂરી છે. વળી, આ સંસ્કૃતના સમૃદ્ધ સાહિત્યનો પ્રત્યક્ષ પ્રભાવ આપણી બધી જ ભારતીય ભાષાઓના સાહિત્ય ઉપર છે. વર્તમાન સમયમાં રચાતા નવીન સાહિત્યનું મૂળ પણ આ સંસ્કૃત સાહિત્યમાં છે. આથી પ્રવર્તમાન ભારતીયભાષાઓના સાહિત્યનો રસાસ્વાદ કરવા માટે તથા તેમનો સઘન અભ્યાસ કરવા માટે સંસ્કૃતભાષાની પૃષ્ઠભૂમિ જરૂરી બની રહે છે. તેથી સંસ્કૃતભાષાનું શિક્ષણ મહત્ત્વનું બની જાય છે.

7. સરકારી વિભાગો, જાહેર સેવાની સંસ્થાઓ, શૈક્ષણિક સંકુલો તેમજ વિવિધ વ્યાવસાયિક પ્રતિષ્ઠાનો વગેરે પોતાના ધ્યેય વાક્ય તરીકે સંસ્કૃતનું વાક્ય રાખવાની પ્રથા ધરાવે છે. આ ધ્યેય વાક્યમાં રહેલા દર્શન અને લક્ષ્યની સમજ સાથે જે તે સંસ્થા સાથે જોડાયેલો સમુદાય પ્રવૃત્ત બને તો સરળતાથી બહુજનહિત સાધી શકાય છે. આ માટે સંસ્કૃતવાક્યને સમજવાની પ્રાથમિક યોગ્યતા સંસ્કૃતના શિક્ષણ સિવાય સંભવ નથી. આ પણ સંસ્કૃત શિક્ષણની આવશ્યકતા સૂચવે છે.

8. ભારતીય જીવન પદ્ધતિ કે જેને સમગ્ર વિશ્વ આદરથી જુએ છે, તે પણ સંસ્કૃતભાષા અને તેના સાહિત્યમાં સંગૃહીત છે. આ જીવન પદ્ધતિને સમજી તે મુજબનું ઉત્તમ જીવન જીવવાનું સૌભાગ્ય મેળવવા માટે સંસ્કૃત શિક્ષણ જરૂરી છે.

9. ભાષા અને તે દ્વારા પોતાના મનમાં રહેલા વિચારોની સ્પષ્ટ અભિવ્યક્તિ કરવાની માનવને જે કુદરતી બક્ષિસ મળી છે, તેને વિસ્તારવાનો ઉપક્રમ એટલે જ શિક્ષણ છે. આ શિક્ષણમાં ભાષિક અભિવ્યક્તિની સચોટ, તાર્કિક તેમજ રસ-અલંકાર પૂર્ણ અભિવ્યક્તિ શીખવા માટે પણ સંસ્કૃતનો અને તે ભાષામાં રહેલા શાસ્ત્રોનો અભ્યાસ આવશ્યક છે.

10. માધ્યમિક અભ્યાસનો તબક્કો પૂરો કર્યા પછી દરેક વિદ્યાર્થીને જ્યારે આગળ અભ્યાસ કરવાનો થાય છે, ત્યારે વાણિજ્ય, રાજનીતિ, કાયદાશાસ્ત્ર, અભિયાન્ત્રિકી તેમજ વિજ્ઞાનવિદ્યાશાખાના ક્ષેત્રમાં આગળ વધવાનું અપેક્ષિત રહે છે. અભ્યાસના આ ભાવી ક્ષેત્રમાં ઉપયોગી થાય તે પ્રકારના સંસ્કૃતભાષાના શાસ્ત્રોમાં થયેલા વિશાળ અને સૂક્ષ્મ ગંભીર ચિંતનના બિન્દુઓનો સ્પર્શ પણ આ તબક્કે થાય, તે માટે પણ સંસ્કૃતશિક્ષણ આવશ્યક છે.

## (3) સામાન્ય હેતુઓ :

★ સંસ્કૃતભાષા અને સાહિત્ય પ્રત્યે રસ અને રુચિ કેળવાય.

★ સંસ્કૃતભાષાના સાહિત્યિક સ્વરૂપો અને વિષયવસ્તુનું જ્ઞાન પ્રાપ્ત થાય.

★ સંસ્કૃતભાષાના કૌશલ્યો (શ્રવણ, ભાષણ, પઠન અને લેખન) ની ક્ષમતાનો વિકાસ સધાય.

★ સંસ્કૃતભાષા દ્વારા વિદ્યાર્થીઓમાં નૈતિક, સાંસ્કૃતિક, સામાજિક અને રાષ્ટ્રિય મૂલ્યો અને પ્રસ્થાપિત થાય.

## (4) વિશિષ્ટ હેતુઓ :

★ સંસ્કૃતભાષાના ઉત્તમ ગ્રન્થો કે તેના અનુવાદો, સામયિકોનું વાચન કરવા પ્રેરાય અને તેનો આનંદ લેતો થાય.

★ સંસ્કૃત સુભાષિતો, સૂક્તિઓ, સ્તોત્રાદિને કંઠસ્થ કરે અને તેનો સંદેશ સમજી શકે.

★ હિતોપદેશ અને પંચતંત્ર જેવી કથાઓ તથા સંસ્કૃતસાહિત્યના ગદ્યાંશો અને પદ્યાંશોમાંથી મળતો બોધ પ્રાપ્ત કરે અને તેને જીવનમાં ઉતારે.

★ સંસ્કૃતસાહિત્ય ભણીને તેમાંથી ગમે તે પરિસ્થિતિમાં ટકી શકવાના યોગ્ય નિર્ણય અને વર્તન કરવાના જીવન કૌશલ્યો કેળવે.

★ પ્રામાણિકતા, પરોપકાર, પરિશ્રમ અને પરિતોષ જેવા ગુણોનું મહત્ત્વ સમજે અને તે મુજબનું આચરણ કરે.

★ શ્રવણ દ્વારા સંસ્કૃતના નાદ-સૌંદર્યને માણે, ભાષાના ઘટકોને સમજે અને અર્થઘટન કરે.

★ શુદ્ધ ઉચ્ચારણ કરીને, યોગ્ય આરોહ-અવરોહ, યોગ્ય સ્વરભાર, યોગ્ય વિરામ અને યોગ્ય ગતિ રાખીને બોલે.

★ વાચન-પઠન દ્વારા શબ્દના વાચ્યાર્થ, લક્ષ્યાર્થ અને વ્યંગ્યાર્થ સમજે.

★ વાચન દ્વારા અર્થગ્રહણ શક્તિને વિકસાવે અને ભાષાવિકાસ સાધે.

★ શુદ્ધ જોડણી અને શુદ્ધ વાક્યરચનાઓ લખે.

## (5) ધોરણ-11 અને ધોરણ-12ના અંતે વિદ્યાર્થીઓમાં અપેક્ષિત ક્ષમતાનો વિકાસ -

1. સંસ્કૃતભાષાના આંતરિક ભાષાકીય બંધારણથી પરિચિત થશે અને તે આધારે બીજી ભાષાના અભ્યાસની યોગ્યતા કેળવશે.
2. સંસ્કૃતભાષાના શિક્ષણ દ્વારા નાગરિક મૂલ્યોની સમજ કેળવી શકશે અને તેનું જતન કરવા માટેની રીતિ શીખશે.
3. ભાષિક અભિવ્યક્તિના વિવિધ ઉપાયોથી માહિતગાર થશે.
4. સંસ્કૃતભાષાનાં વાક્યોના અર્થગ્રહણનું કૌશલ્ય મેળવશે.
5. ભાષાની ઉચ્ચારણ પ્રક્રિયાની વૈજ્ઞાનિક સમજ કેળવી શકશે અને તેનો ઉપયોગ અન્ય ભાષાના ઉચ્ચારણ કૌશલ્ય માટે કરી શકશે.
6. ભારતના પ્રાચીન તથા વૈભવપૂર્ણ સાહિત્યિક અને સાંસ્કૃતિક વારસાના ભવ્ય ભવનમાં પ્રવેશ પામવાની યોગ્યતા કેળવી શકશે.
7. સંસ્કૃત સંભાષણની કળા હસ્તગત કરશે.
8. અપઠિત સાદા સંસ્કૃતવાક્યોનો અર્થબોધ કરી શકશે.
9. ધોરણ બાર સુધીનો સંસ્કૃતભાષાનો અભ્યાસ કરનાર વિદ્યાર્થી છ કારક પદો અને તેમના સંબન્ધવાચકપદો (વિશેષણ સાથે) ત્રણેયકાળ તેમજ વિધ્યર્થ-આજ્ઞાર્થનાં ક્રિયાપદો વાળાં વાક્યોને સમજી શકશે. વળી આ સ્તરની ભાષામાં રચાયેલાં કાવ્યો, નાટકો વગેરે વાંચીને તેમાં પ્રયોજાયોલાં છન્દો (નિયત) અને અલંકારો (નિયત)ને ઓળખી કાઢશે અને સમજી શકશે.
10. સમાસવાળી વાક્યરચનાનો અર્થબોધ કરી શકશે.
11. તિઙન્તક્રિયાપદની રચના તેમજ સમજની સાથે સાથે સંસ્કૃતભાષામાં બહુશઃ પ્રયોજાતા કૃદન્તક્રિયાપદોને પણ સમજી શકશે અને તેવાં ક્રિયાપદોવાળી વાક્યરચના કરી શકશે.
12. સંસ્કૃતના ભાષાકીય બંધારણને જાણીને તથા સમજીને વિદ્યાર્થી પોતાની માતૃભાષા તેમજ ભણવા ધારેલી અન્ય કોઈ પણ ભાષાના બંધારણને સમજી-જાણી શકશે.
13. અલંકારના જ્ઞાન થકી વિદ્યાર્થી ભાષાકીય સૌંદર્યનો બોધ લઈ શકશે તથા કલ્પનાશક્તિ વધારી શકશે તેમજ તેની ઉચિત અભિવ્યક્તિની કળા પણ શીખશે.
14. વિદ્યાર્થીને મૂલ્યોનો બોધ થશે અને એ મૂલ્યબોધને કારણે તેની ઉચિતદિશાની ચિંતનક્ષમતામાં વધારો થશે.
15. સંસ્કૃતસાહિત્યનો ઇતિહાસ જાણીને તેના મહિમાથી સુપેરે પરિચિત થશે અને તેને પ્રત્યક્ષ રીતે જાણી શકશે અને તે કારણે સંસ્કૃતના વિશાળ તેમજ મહાન સાહિત્યનો વધારે અભ્યાસ કરવા તરફ આકર્ષાશે.
16. સંસ્કૃતભાષામાં પ્રચલિત વિવિધ ન્યાયોનો અભ્યાસ કરીને વિદ્યાર્થી વ્યક્તિ અને રાષ્ટ્ર બન્નેના વિકાસની સાચી દિશા જાણી શકશે અને તે મુજબનો વિકાસ સાધવાની રીતિ શીખશે.
17. દેશના સામાજિક તથા સાંસ્કૃતિક સંદર્ભો જાણી, તેમના પ્રત્યેની પોતાની જવાબદારી સમજી શકશે. એટલું જ નહીં તેની જાળવણીના ઉપાયો હસ્તગત કરશે અને તે મુજબનું જીવન જીવતા શીખશે.
18. ભારતીય જ્ઞાનધારાનો બોધ કરી માનવ સમાજના વિકાસમાં ભારતે આપેલા પ્રદાનને ઉજાગર કરી શકશે.
19. જ્ઞાનની પ્રાપ્તિની સાથે માનવીય સંવેદનાની અનુભૂતિ કરી શકે એવો માનસિક વિકાસ સાધી શકશે.
20. ઘણા લાંબા સમયથી પ્રવર્તી રહેલા સંસ્કૃત સાહિત્યની ચિંતનધારાનો પરિચય થતાં સામ્પ્રતકાળમાં ઉભી થઈ રહેલી વ્યક્તિગત, પારિવારિક, સામાજિક, રાજકીય, વૈશ્વિક સમસ્યાઓના સમાધાન માટેનું સચોટ માર્ગદર્શન પ્રાપ્ત કરી શકશે.

21. સંસ્કૃતભાષાનો સરળ રીતિથી અભ્યાસ કરવાથી આ ભાષા પ્રત્યે પ્રેમ તથા આકર્ષણ વધશે. આના પરિણામે વિદ્યાર્થી સંસ્કૃતભાષાજ્ઞાનનું ગૌરવ લઈ શકશે.
22. ભાષિક અભિવ્યક્તિના વિવિધ ઉપાયો શીખશે અને તેમની મદદથી સંસ્કૃતભાષાની સાથે સાથે અન્ય ભાષાઓની અભિવ્યક્તિને પણ વધારે ધારદાર બનાવી શકશે.
23. સાંભળેલા વાક્યનો ઉચિત અર્થ ગ્રહણ કરી શકશે તથા અર્થગ્રહણના કૌશલ્યનો વિકાસ સાધશે.
24. સંસ્કૃતભાષામાં આવતા વિશિષ્ટ વર્ણોની ઉચ્ચારણ પ્રક્રિયાનું વૈજ્ઞાનિક જ્ઞાન કેળવશે અને તેનો શ્લોક, મંત્ર તેમજ ગદ્યાંશ વગેરેનું વાચન કરતી વેળાએ વિનિયોગ કરી શકશે.

## (6) શીખવાની સીમાઓ (શીખવાનું લક્ષ્ય)

1. અભ્યાસક્રમમાં નિર્ધારિત પાઠ્યવસ્તુ
2. સંસ્કૃતભાષાની સાદી વાક્યરચનાનું વ્યાકરણ.
3. સાદા વાક્યોની રચના અને તેમાં રહેલા વ્યાકરણના નિયમ.
4. સંસ્કૃત ક્રિયાપદોનો વ્યાપ અને એમના પ્રયોગનું કૌશલ્ય.
5. અવ્યય, સર્વનામ તથા વિશેષણના પ્રયોગથી ભાષિક અભિવ્યક્તિના વિવિધ ઉપાયો.
6. ભાષા શિક્ષણની સાથે સાથે પ્રાચીન ભારતીય સાંસ્કૃતિક વારસાનો પરિચય.
7. શાસ્ત્ર-વચનમાં રહેલી સૂક્ષ્મતાઓને જાણવાની રીતિ.
8. કાવ્ય-વચનમાં રહેલા સૌંદર્યને અનુભવવાની રીતિ.
9. ભારતના પ્રાચીનતમ સમાજ અને સંસ્કૃતિને સમજી એ વારસાને જાળવી રાખવા પૂરતું સંસ્કૃતભાષાનું શિક્ષણ મેળવશે.

## (7) શીખવાનાં પ્રધાન લક્ષ્યોનું મહત્ત્વ

ભાષાનું શિક્ષણ બે રીતે સંભવે છે. એક રીતિ તો સ્વાભાવિક રીતે છે, કુદરતી રીતિ છે. આ રીતિમાં જેને ભાષા શીખવવાની હોય છે. તેની સામે સતત તે ભાષાનું વાતાવરણ ઉભું કરવાનું રહે છે. આ વાતાવરણને કારણે માણસ આપ મેળે (સ્વાભાવિક રીતે) ભાષા શીખી લે છે. દરેક બાળક આ રીતિથી જ પોતાના માતા-પિતા પાસેથી માતૃભાષાનું જ્ઞાન મેળવે છે. એ પછી ભાષાશિક્ષણની બીજી રીતિ કૃત્રિમ રીતિ હોય છે, જેમાં બાળકને જે તે ભાષાની આન્તરિક સંરચના સમજાવીને અર્થાત્ જે તે ભાષાના વ્યાકરણનું શિક્ષણ આપીને તે દ્વારા ભાષા શીખવવાનો ઉપક્રમ થતો હોય છે. જ્યાં આપણે ભાષાના શિક્ષણ માટે સતત વાતાવરણ ઉભું ન કરી શકતા હાઈએ, ત્યાં આપણે આ વ્યાકરણાશ્રિત રીતિનો પ્રયોગ કરવાનો રહે છે.

અહીં આપણે સંસ્કૃતભાષાના શિક્ષણ માટે ધોરણ 6 થી ધોરણ 8 સુધી સંસ્કૃતસંભાષણ અને સંસ્કૃતનું વાતાવરણ સર્જીને સ્વાભાવિક રીતે સંસ્કૃતભાષાના શિક્ષણનો ઉપક્રમ કર્યો છે. હવે આ રીતે જે સંસ્કૃતભાષાનો બાળકને પરિચય થઈ ગયો છે, તેને વધારે સઘન બનાવવાના આશયે ધોરણ 9 અને ધોરણ 10 માં વ્યાકરણનો આધાર લઈ સંસ્કૃત શીખવવાનો ઉપક્રમ રાખવામાં આવ્યો છે. આ પાછળનું લક્ષ્ય એ પણ છે કે સંસ્કૃતભાષાના વ્યાકરણમાં જે ભાષામાત્રમાં રહેલું જે શાશ્વત માળખું છે, તેનાથી વિદ્યાર્થી માહિતગાર થાય અને તે માહિતીના આધારે ભવિષ્યમાં જે નવી ભાષા શીખવા માટે તે ઉપક્રમ કરે, ત્યારે તેને સરળતાથી તે ભાષાનું વ્યાકરણ સમજાય અને તે ભાષાનું વ્યાકરણ સમજાય અને તે ભાષા સરળતાથી શીખી શકે.

★ ભાષાશિક્ષણનું એક લક્ષ્ય ભાષિક અભિવ્યક્તિની નિપુણતા કેળવવાની છે. આ કાર્ય ત્યારે સફળ થયું કહેવાય કે જ્યારે ભાષા શીખનાર વિદ્યાર્થી જે તે ભાષામાં પઠિત વાક્યોની સાથે નવીન વાક્યોની રચના પણ કરી શકે. આ નવીન વાક્યરચનાનું કૌશલ્ય મેળવવાનું લક્ષ્ય પણ પોતાનું આગવું મહત્ત્વ છે.

★ પ્રસ્તુત પાઠ્યક્રમ મુજબના શિક્ષણથી જુદી જુદી સંસ્કૃતવિદ્યાઓના જ્ઞાનની સાથે સંસ્કૃતભાષાનું ઉચિત પ્રમાણમાં જ્ઞાન પ્રાપ્ત કરી શકવાનું મહત્ત્વનું લક્ષ્ય સાધી શકશે.

## (8) સંસ્કૃત પાઠ્યપુસ્તકની માર્ગદર્શિકા (ગાઈડ લાઈન)

- ★ સંસ્કૃતભાષા બોલતા અને સમજતા શીખે તે પ્રકારનું પાઠ્યપુસ્તક બનાવવું જોઈએ.
- ★ અનુવાદની આવશ્યકતા ન રહે, તેવી સ્પષ્ટતાવાળું પાઠ્યપુસ્તક બનાવવું જોઈએ.
- ★ સંસ્કૃતભાષા પ્રત્યે પ્રેમ અને ગૌરવ નિર્માણ થાય, તેવું વિષયવસ્તુ પસંદ કરવું.
- ★ વિષયવસ્તુને પોષક હોય, તેટલા વ્યાકરણનો અચૂક સમાવેશ કરવો.
- ★ ધોરણ 9 અને 10 ના અનુસંધાનમાં ધોરણ 11 અને 12 નું પાઠ્યપુસ્તક રાખવું.
- ★ પ્રારમ્ભમાં અપાયેલા પાઠની પૃષ્ઠભૂમિમાં ભાષાકીય શિક્ષણનો સમાવેશ કરવો.
- ★ સંસ્કૃતભાષાના શિક્ષણની સાથે પ્રાચીન ભારતીય સંસ્કૃતિનું જ્ઞાન થાય, તે પ્રકારે પાઠ્યવસ્તુનું નિર્ધારણ કરવું.

# ધોરણ – 11-12
# સંસ્કૃત (129)

### ભૂમિકા

સંસ્કૃતભાષા ભારતની પ્રાચીનતમ ભાષા છે. આજે સમસ્ત વિશ્વ તેની મહત્તા અને ઉપયોગિતાનો સ્વીકાર કરી રહ્યું છે. આ ઉપરાન્ત સંસ્કૃત આપણી સંસ્કૃત ધરોહર પણ છે. તે આજેય ભારતીય પ્રાચીન સભ્યતા તથા સંસ્કૃતિનું વાહન કરી રહી છે.

સંસ્કૃતભાષા પ્રજાતન્ત્ર ધરાવતા આપણા આ સમગ્ર રાષ્ટ્રને એકસૂત્રમાં બાંધનારી મહત્ત્વની કડી છે. માત્ર ભારતની જ નહીં, પરન્તુ વિશ્વની અનેક ભાષાઓની તે જનની પણ છે. આમ પોતાની અનેકવિધ વિશેષતાઓને કારણે ભારતીય શિક્ષણની સમગ્ર પ્રક્રિયાને સંસ્કૃતભાષાશિક્ષણથી અલગ પાડીને જોઈ શકાય એમ નથી. આ કારણે ભારતના દરેક પ્રાન્તમાં પ્રાથમિક અને માધ્યમિક કક્ષાના અભ્યાસક્રમમાં સંસ્કૃતભાષાનું અચલ સ્થાન રહેતું આવ્યું છે.

સંસ્કૃતભાષામાં રચાયેલા અનેક ગ્રંથોમાં વ્યાકરણ, કાવ્યશાસ્ત્ર, ખગોળશાસ્ત્ર, અર્થશાસ્ત્ર, રાજનીતિ, વ્યાપાર-વાણિજ્ય, આયુર્વેદ, તત્વચિંતનન, નાટ્યશાસ્ત્ર, ધર્મ અને નીતિ, ભૌતિકવિજ્ઞાન વગેરે વિષયો ઉપર ખૂબ જ ગંભીર તાત્વિક ચિન્તન સંગૃહીત છે, જે આજે પણ એટલું જ પ્રાસંગિક છે. આવી સંસ્કૃતભાષાનું શિક્ષણ જેટલું સઘન અને વ્યાપક બને તેટલું સાચા અર્થમાં શિક્ષણ સમૃદ્ધ બને.

આ માટે ધોરણ 11 અને 12 નો પાઠ્યક્રમ એ રીતે વિચારાયો છે કે જેનો અભ્યાસ કરીને વિદ્યાર્થી નીચે દર્શાવેલી ક્ષમતાઓ સરળતાથી સિદ્ધ કરી શકશે.

### ક્ષમતાઓ

### 1. શ્રવણ-ક્ષમતા

- ★ સરળ ગદ્ય અને પદ્યને સાંભળીને સારગ્રહણ કરી શકશે.
- ★ શિક્ષક અને સહપાઠી વચ્ચે થતાં સંવાદોને સાંભળીને સમજી શકશે.
- ★ સંસ્કૃતપદ્યોનાં ગાનને સાંભળીને તેનો આનંદ અનુભવી શકશે.
- ★ સંસ્કૃતભાષા ઉચ્ચારવામાં આવેલી આજ્ઞાઓને સમજી લેશે અને તે મુજબ અપેક્ષિત ક્રિયા કરી શકશે.
- ★ સંસ્કૃત છન્દોને જાણી શકશે અને તે મુજબ શ્રવણનો આનન્દ લઈ શકશે.

## 2. ભાષણ - ક્ષમતા

- ★ નાનાં નાનાં સંસ્કૃત વાક્યો સાહજીક રીતે બોલી શકે.
- ★ શિક્ષક અને સહપાઠીઓ સાથે સંસ્કૃતમાં પ્રશ્નોત્તરી કરી શકશે.
- ★ પાઠ્યપુસ્તકમાં આવતાં સુભાષિતો કંઠસ્થ કરી સરળતાથી રજૂ કરી શકશે.
- ★ સંસ્કૃતના ગદ્ય-પદ્યનું યોગ્ય આરોહ અવરોહ સાથે કથન કરી શકશે.
- ★ નિયત અલંકારોને ઓળખી શકશો અને તેનો રસ લઈ શકશે.
- ★ નિયત છન્દોનું બંધારણ શીખ્યો હોઈને તેમને સરસ રીતે ગાન કરી શકશે.

## 3. પઠન - ક્ષમતા

- ★ સંધિયુક્ત અને સંધિમુક્ત સંસ્કૃત ગદ્યનું પઠન પઠન કરી શકશે.
- ★ સંધિયુક્ત અને સંધિમુક્ત બન્ને પ્રકારના સંસ્કૃત પદ્યનો પાઠ કરી શકશે.
- ★ શ્લોક તથા મન્ત્રનું લયબદ્ધ રીતે યોગ્ય ગતિમાં પઠન કરી શકશે.
- ★ સંસ્કૃત સંવાદોનું હાવ-ભાવ સાથે પઠન કરી શકશે.

## 4. લેખન - ક્ષમતા

- ★ સંસ્કૃતમા ગદ્યાંશ તથા પદ્યાંશનું યથોચિત સ્વરૂપે લેખન લેખન કરી શકશે
- ★ સરળ સંસ્કૃતનું શ્રુતલેખન કરી શકશે.
- ★ સંસ્કૃતના સરળ વિષયવસ્તુ આધારિત પ્રશ્નોના સંસ્કૃતમાં લખી શકશે.
- ★ સંસ્કૃતભાષાના સંધિયુક્ત અને સંધિમુક્ત તેમજ વિરામાદિ ચિહ્નો સાથે સમુચિત રીતે ક્ષતિરહિત લખી શકશે.

## 5. ભાષાકીય - ક્ષમતા

- ★ પાઠ્યક્રમમાં નિર્ધારિત સન્ધિયુક્ત અને સમાસયુક્ત પદોનો વિગ્રહ કરી શખશે અને તેનો અર્થબોધ કરી શકશે.
- ★ સંસ્કૃતસાહિત્યમાં પ્રયુક્ત પ્રૌઢ સંસ્કૃતભાષાના અભ્યાસ તરફ અભિમુખ થશે.
- ★ સંસ્કૃતભાષામાં જીવનમૂલ્યોને ઉજાગર કરતી નાની નાની સૂક્તિઓ રચી શકશે.
- ★ સંસ્કૃતભાષાના વ્યાકરણને હૃદયંગમ કરીને માતૃભાષા તેમજ રાષ્ટ્રભાષાના વ્યાકરણ, ભાષામાં વપરાતા અલંકાર પ્રયોગોને સમજવાની શક્તિ કેળવી શકશે.

★ ત્રણેય કાળના ક્રિયાપદોનો પ્રયોગ કરીને ઘટનાઓનું વર્ણન કરી શકશે.

# ધોરણ – 11
# સંસ્કૃત (129)

## 1. ગદ્ય-પદ્યસંગ્રહ

ક. ગદ્ય આશરે 300 પંક્તિઓ

ખ. પદ્ય આશરે 250 પંક્તિઓ.

(ધોરણ 9 અને 10માં સ્વીકૃત સંસ્કૃત ભાષાના સ્તરને ધ્યાનમાં રાખીને, તે ભાષાકીય સ્તરની સંવાદિતા ધરાવતા ગદ્યાંશ અને પદ્યાંશ પસંદ કરવા.)

## 2. ન્યાય

વિષય વસ્તુનું વૈવિધ્ય ધરાવતા વ્યક્તિત્વના વિકાસમાં સહયોગી થનારા તેમજ બુદ્ધિચાતુર્ય સાધનારાં ન્યાયવચનો પસંદ કરવા. ન્યાયોની સંખ્યા દશ રાખવી.

## 3. ઈતિહાસ-પરિચય

ક. સંસ્કૃતસાહિત્યનો ઈતિહાસ

સંસ્કૃત સાહિત્યનો સામાન્ય પરિચય આપીને નીચેના સાહિત્ય અને કવિઓનો સવિશેષ ઈતિહાસાત્મક પરિચય કરાવવો.

1. વેદ-ઉપનિષદ્ (કઠોપનિષદના કથાવસ્તુનો સંક્ષેપમાં ઉલ્લેખ કરવો.)
2. કવિઓ - ભાસ એન કાલિદાસ (માત્ર રૂપકોના રચયિતા તરીકે).
3. સંસ્કૃત પ્રાણી કથાઓના સામાન્ય પરિચય સાથે પંચતન્ત્ર.

ખ. શાસ્ત્રીય કૃતિઓનો ઈતિહાસ

પ્રાચીન ભારતીય વૈજ્ઞાનિક અને પ્રૌદ્યોગિકીનો નામતઃ પરિચય કરાવીને શાસ્ત્રોના સંક્ષેપમાં પ્રાથમિક પરિચય કરાવવો.

1. અર્થશાસ્ત્ર - કૌટિલ્યનું અર્થશાસ્ત્ર
2. ગણિતશાસ્ત્ર - આર્યભટ્ટ અને ભાસ્કારાચાર્ય.

**નોંધ** - આ ઉપર્યુક્ત કાવ્ય સાહિત્ય અને શાસ્ત્ર સાહિત્યનો સામાન્ય પરિચય અપેક્ષિત છે. જે તે કૃતિના રચાયિતાના જીવન, કાળ શૈલી અને કૃતિના સાહિત્યિક સ્વરૂપને સ્પર્શતી વિગતો અપેક્ષિત નથી.

## 1. છંદ

1. અનુષ્ટુપ, 2. મન્દાક્રાન્તા, 3. માલિની, 4. તોટક અને 5. ઈન્દ્રવજ્રા

આ ઉપર્યુક્ત છન્દોનાં લક્ષણો વૃત્તરત્નાકરમાંથી આપવાં અને તેમની વિગતે સમજૂતી ગુજરાતીભાષામાં આપવી. જે તે છન્દનાં ઉદાહરણો માટે શક્ય હોય, ત્યાં સુધી પાઠ્યપુસ્તકમાં આવતાં પદ્યોનો ઉપયોગ કરવો.

(ઉદાહરણો સંસ્કૃત ભાષાનાં જ રાખવાં.)

## 5. અલંકાર

1. ઉપમા, 2. ઉત્પેક્ષા, 3. રૂપક અને અતિશયોક્તિ.

આ ઉપર્યુક્ત અલંકારનાં લક્ષણો મમ્મટના કાવ્યપ્રકાશમાંથી આપવાં અને તેમની વિગતે સમજૂતી ગુજરાતીભાષામાં આપવી જે તે અલંકારનાં ઉદાહરણો માટે શક્ય હોય. ત્યાં સુધી પાઠ્યપુસ્તકમાં આવતાં પદ્યોનો ઉપયોગ કરવો. સંદર્ભિત અલંકારોના ભેદોપભેદના ચર્ચા અપેક્ષિત નથી. (ઉદાહરણો સંસ્કૃત ભાષાનાં જ રાખવાં.)

## 6. અનુવાદ

પાઠ્યપુસ્તકના ગદ્ય અને પદ્યનો ગુજરાતીભાષામાં અનુવાદ.

## 7. ભાષાકીય સજ્જતા

ભાષાકીય સજ્જતા માટે નિમ્નાનુસાર મુદ્દાઓને ધ્યાનમાં રાખવા અને તે મુજબના પાઠોનું સંકલન કરવું અને તે પાઠોના સ્વાધ્યાય પણ તે રીતે તૈયાર કરવા.

ક. શબ્દાર્થ (સંસ્કૃતનું ગુજરાતી અને ગુજરાતીનું સંસ્કૃત) વિશેષતઃ નામપદો.

ખ. ક્રિયાપદનું કાળ પરિવર્તન (વર્તમાનકાળ, ભૂતકાળ અને ભવિષ્યકાળનું પરસ્પર પરિવર્તન શીખવવાનું લક્ષ્ય રાખવું.) ક્રિયા પદો નિયત ધાતુઓનાં રાખવાં . (નિયત ધાતુઓ - પ્રથમગણ પરસ્મૈપદ- पठ्, हस्, चल्, खेल्, खाद्, पा-पिब्, गम् - गच्छ्, भू-भव्, वस् આત્મનેપદ लभ्, भाष्, रम् )

ગ- સર્વનામપદોની ઓળખ.

## 8. અભિવ્યક્તિવૈશિષ્ટ્ય અને અભિવ્યક્તિ વૈચિત્ર્ય

અભિવ્યક્તિની વિશેષતા તથા વિચિત્રતા સંકેતિત થાય તે પ્રકારનો ઉપક્રમ રાખીને નિમ્નાનુસાર મુદ્દાઓને ધ્યાનમાં રાખવા અને તે મુજબના પાઠોનું સંકલન કરવું અને તે પાઠોના સ્વાધ્યાયમાં પણ આ વિગતોનો સમાવેશ કરવો.

ક. અવ્યય (કાળવાચક નિયત અવ્યયો - प्रातः, सायम्, अद्य, श्वः, ह्यः)આ અવ્યયોનો एव અવ્યયની સાથે પ્રયોગ પણ શીખવવાનું રાખવું.)

ખ. પર્યાયપદાવલિ

પાઠમાં સમાવિષ્ટ નામપદોનાં પર્યાય પદોને સ્વાધ્યાયમાં પ્રમાણસરનું સ્થાન આપવું.

ગ. વિરુદ્ધાર્થ પદાવલિ

પાઠમાં સમાવિષ્ટ નામપદોનાં વિરુદ્ધાર્થનો સ્વાધ્યાયમાં સપ્રમાણ સમાવેશ કરવો.

# ધોરણ – 12
# સંસ્કૃત (129)

## 1. ગદ્ય-પદ્ય સંગ્રહ

ક. ગદ્ય આશરે 300 પંક્તિઓ

ખ. પદ્ય આશરે 250 પંક્તિઓ.

(ધોરણ 9 અને 10માં સ્વીકૃત સંસ્કૃતભાષાના સ્તરને ધ્યાનમાં રાખીને, તે ભાષાકીય સ્તરની સંવાદિત ધરાવતા ગદ્યાંશ અને પદ્યાંશ પસંદ કરવા.)

## 2. ન્યાય

વિષય વસ્તુનું વૈવિધ્ય ધરાવતા વ્યક્તિત્વના વિકાસમાં સહયોગી થનારા તેમજ નૈતિકતા સાથે જીવન જીવવાના લાભો બતાવનારા ન્યાયવચનો પસંદ કરવા. ન્યાયોની સંખ્યા દશ રાખવી.

## 3. ઈતિહાસ-પરિચય

ક. સંસ્કૃતસાહિત્યનો ઈતિહાસ

સંસ્કૃત સાહિત્યનો સામાન્ય પરિચય આપીને નીચેના સાહિત્ય અને કવિઓનો સવિશેષ ઈતિહાસાત્મક પરિચય કરાવવો.

1. ગૃહ્યસૂત્ર , રામાયણ અને મહાભારત. (સામાન્ય પરિચય).

2. કવિઓ - કાલિદાસ (માત્ર કાવ્ય), શૂદ્રક, માઘ, બાણ.

3. સંસ્કૃત નીતિકથાઓના સામાન્ય પરિચય સાથે હિતોપ્રદેશ (નારાયણ પંડિત).

ખ. શાસ્ત્રીય કૃતિઓનો ઈતિહાસ

પ્રાચીન ભારતીય વૈજ્ઞાનિક અને પ્રૌદ્યોગિકીનો નામતઃ પરિચય કરાવીને નીચેના શાસ્ત્રોના સંક્ષેપમાં પ્રાથમિક પરિચય કરાવવો.

1. આયુર્વેદ - ધન્વન્તરી, ચરક અને સુશ્રુત.

2. ખગોળશાસ્ત્ર - વરાહમિહિર.

નોંધ - ઉપર્યુક્ત કાવ્ય સાહિત્ય અને શાસ્ત્ર સાહિત્યનો સમાન્ય પરિચય અપેક્ષિત છે. જે તે કૃતિના રચયિતાના જીવન, કાળ, શૈલી અને કૃતિયા સાહિત્યિક સ્વરૂપને સ્પર્શતી વિગતો અપેક્ષિત નથી.

## 4. છંદ

1. આર્યા , 2. શિખરિણી , 3. વંશસ્થ , 4. વસન્તતિલકા અને 5. શાર્દૂલવિક્રીડિત.

આ ઉપર્યુક્ત છન્દોનાં લક્ષણો વૃત્તરત્નાકરમાંથી આપવાં અને તેમની વિગતે સમજૂતી ગુજરાતીભાષામાં આપવી. જે તે અલંકારનાં ઉદાહરણો માટે શક્ય હોય, ત્યાં સુધી પાઠ્યપુસ્તકમાં આવતાં પદ્યોનો ઉપયોગ કરવો. (ઉદાહરણો સંસ્કૃતભાષાનાં જ રાખવાં.)

## 5. અલંકાર

1. શ્લેષ, 2. વ્યાજસ્તુતિ, 3. વિરોધ અને 4. અર્થાન્તરન્યાસ.

આ ઉપર્યુક્ત અલંકારનાં લક્ષણો મમ્મટના કાવ્યપ્રકાશમાંથી આપવાં અને તેમની વિગતે સમજૂતી ગુજરાતીભાષામાં આપવી. જે તે અલંકારનાં ઉદાહરણો માટે શકય હોય. ત્યાં સુધી પાઠ્યપુસ્તકમાં આવતાં પદ્યોનો ઉપયોગ કરવો. સંદર્ભિત અલંકારોના ભેદોપભેદના ચર્ચા અપેક્ષિત નથી.(ઉદાહરણો સંસ્કૃતભાષાનાં જ રાખવાં.)

## 6. અનુવાદ

પાઠ્યપુસ્તકના ગદ્ય અને પદ્યનો ગુજરાતીભાષામાં અનુવાદ.

## 7. ભાષાકીય સજ્જતા

ભાષાકીય સજ્જતા માટે નિમ્નાનુસાર મુદ્દાઓને ધ્યાનમાં રાખવા અને તે મુજબના પાઠોનું સંકલન કરવું અને તે પાઠોના સ્વાધ્યાય પણ તે રીતે તૈયાર કરવા.

ક. શબ્દાર્થ (સંસ્કૃતનું ગુજરાતી અને ગુજરાતીનું સંસ્કૃત) વિશેષતઃ નામપદો.

ખ. ક્રિયાપદનું કાળ પરિવર્તન (વર્તમાનકાળ, ભૂતકાળ અને ભવિષ્યકાળનું પરસ્પર પરિવર્તન શીખવવાનું લક્ષ્ય રાખવું.) ક્રિયાપદો નિયત ધાતુઓનાં રાખવાં. (નિયત ધાતુઓ- પ્રથમગણ પરસ્મૈદ - पठ्, हस्, चल, खेल्, खाद्, स्था - तिष्ठ्, दा - यच्छ्, भू - भव् આત્મનેપદ वन्द्, मुद्, शुभ्)

ગ. સર્વનામપદોની ઓળખ.

### 8. અભિવ્યક્તિવૈશિષ્ટ્ય અને અભિવ્યક્તિવૈચિત્ર્ય

અભિવ્યક્તિની વિશેષતા તથા વિચિત્રતા સંકેતિત થાય તે પ્રકારનો ઉપક્રમ રાખીને નિમ્નાનુસાર મુદ્દાઓને ધ્યાનમાં રાખવા અને તે મુજબના પાઠોનું સંકલન કરવું અને તે પાઠોના સ્વાધ્યાયમાં પણ આ વિગતોનો સમાવેશ કરવો.

ક. અવ્યય (સ્થળવાચક અને કાળવાચક નિયત અવ્યયો - तदा, यदा, कदा, सर्वदा, तत्र, अत्र, यत्र, कुत्र, सर्वत्र આ આવ્યયોનો एव અવ્યયની સાથે પ્રયોગ પણ શીખવવાનું રાખવું.)

ખ. પર્યાયપદાવલિ

પાઠમાં સમાવિષ્ટ નામપદોનાં પર્યાય પદોને સ્વાધ્યાયમાં પ્રમાણસરનું સ્થાન આપવું

ગ. વિરુદ્ધાર્થ પદાવલિ

પાઠમાં સમાવિષ્ટ નામપદોનાં વિરુદ્ધાર્થનો સ્વાધ્યાયમાં સપ્રમાણ સમાવેશ કરવો.

# અગત્યના મુદ્દા

1. ધોરણ 11 અને ધોરણ 12નું એક એક અલગ અલગ પાઠ્યપુસ્તક રહેશે.
2. પાઠ્યપુસ્તકનું કદ સામાન્યતઃ 90 થી 100 પાનાનું રહેશે તેમજ પ્રત્યેક પુસ્તકમાં પાઠોન સંખ્યા 18 રાખવી.
   - ★ ગદ્યકૃતિઓ 8 અને પદ્યકૃતિઓ 10 રાખવી.
   - ★ ધોરણ - 11 માં આઠ પદ્યો કંઠસ્થીકરણ માટે રાખવા.
   - ★ ધોરણ - 12 મા આઠ પદ્યો કંઠસ્થીકરણ માટે રાખવા.
3. પાઠોની રચના ધોરણ નવ અને દશના પાઠ્યક્રમમાં નિર્ધારિત વ્યાકરણ પર આધારિત રહેશે.
4. પાઠોનું ભાષાકીય તથા વૈચારિક સ્તર જે તે ધોરણને અનુકૂળ તથા જીવનમૂલ્યોની સ્થાપના માટે પ્રેરક થનારા પ્રસંગોને અનુરૂપ રાખવું.
5. સંસ્કૃત પદ્યનું ચયન કરતી વખતે ભાષાગત તેમજ અલંકાર તથા છન્દોગત સરલતાને ધ્યાનમાં લેવી.
6. પાઠ નિર્ધારણ અને લેખનમાં ભાષાતત્વની બાબતમાં સરલ તરફથી કઠિન તરફનો ક્રમ રાખવો.
7. પ્રત્યેક પાઠના અન્તે પાઠમાં પ્રયુક્ત અઘરા તેમજ નવીન શબ્દોનો અર્થ અવશ્ય આપવો અને જો કોઈ અઘરો શબ્દ હોય અને આવશ્યક જણાય તો ત્યાં ટૂંકી સમજૂતી પણ આપવી. પર્યાયવાચી અને વિરુદ્ધાર્થી નામોની નોંધ પણ કરવી.
8. પાઠના દરેક વાક્યની રચના વિષયવસ્તુને અનુરૂપ હોય, સરળ તેમજ સુબોધ હોય તથા પૂર્વવાક્યનું અનુસંધાન કરનારી હોય, તેનું ખાસ ધ્યાન રાખવું.
9. અભ્યાસપ્રશ્નોની રચના કરતી વખતે નિર્ધારિત યોગ્યતાઓને ધ્યાનમાં રાખવી.
10. થોડાક પ્રશ્નો વસ્તુનિષ્ઠ, થોડાક અત્યંત ટૂંકા જવાબવાળા, થોડાક વિવરણાત્મક કે નિબન્ધાત્મક- એમ વૈવિધ્ય ધરાવતા હોય, તેવા રાખવા.
11. સંસ્કૃત સાહિત્યના ઇતિહાસમાં કૃતિત્વના પક્ષને મહત્ત્વ આપવું. જીવન અને કાલના વિમર્શની આવશ્યકતા નથી.
12. ધોરણ 11 અને 12 માં સંસ્કૃતના ભાષાશિક્ષણની સાથે સાથે સાહિત્યના શિક્ષણને મહત્ત્વ આપવામાં આવ્યું હોવાથી તદનુરૂપ રચનાઓ સમાવવી. જે તે કૃતિના ભાષાસ્તરને અવશ્ય ધ્યાનમાં લેવું. ભાષાની રીતે અઘરી આધુનિક કૃતિને સ્થાન આપવું નહીં. તેમ ભાવવિહીન તેમજ વિચારવિહીન કૃતિને પણ ન રાખવી.
13. સ્વાધ્યાય દરમ્યાન મૂકવામાં આવતા પ્રશ્નોમાંથી કેટલાક પ્રશ્નો સંસ્કૃત ભાષામાં જ પૂછવાનું રાખવું.
14. જ્ઞાન, સમજ, કૌશલ્ય અને ઉપયોજનને ચકાસતા વૈવિધ્યપૂર્ણ સ્વાધ્યાયની રચના કરવી.
15. વિષયવસ્તુને અનુરૂપ આવશ્યકતા અનુસાર ચિત્રો મૂકવાં.

## પાઠોના પ્રકાર

1. પાઠ એકલા ગદ્યવાળા, એકલા પદ્યવાળા તથા ગદ્યપદ્યમિશ્રિત એમ વિવિધ પ્રકારના રાખવા.
2. પાઠોમાં વર્ણન, સંવાદ તથા પ્રશ્નોત્તર આદિનો પણ પ્રમાણસર સમાવેશ કરવો.
3. પાઠોમાં વચ્ચે નાનાં વાક્યો ધરાવતી સૂક્તિઓને નીતિવાક્યોને, ન્યાયબોધક વાક્યોને તથા સંસ્કૃત કહાવતોને પણ પ્રસંગાનુસાર ગૂંથવી.
4. આધુનિક જ્ઞાનવિજ્ઞાનના પરિચયની સાથે સાથે ભારતીય પ્રાચીન સંસ્કૃતિનો વાસ્તવિક પરિચય કરવો. તેવું વિષયવસ્તુ ધરાવતા પાઠોનો પણ અનિવાર્ય રીતે સમાવેશ કરવો.

**વિષયવસ્તુનું ક્ષેત્ર :**

1. સ્વયંનો આત્મા 2. પરિવાર 3. પરિવારના સદસ્યો સાથેનો વ્યવહાર 3. સમાજ 4. સમાજના સદસ્યો સાથેનો વ્યવહાર, 5. પ્રકૃત્તિ અને પ્રકૃત્તિસાથેનો,વ્યવહાર 6. શાળા 7. શાળા સાથે સંબન્ધ ધરાવતી ચેતન-અચેનન વસ્તુઓ અને તેમની સાથેનો વ્યવહાર 8. રમત-ગમત 9. પંચાયત જેવી સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓ 10. આપણા

સાંસ્કૃતિક વારસાનું પ્રતિનિધિત્વ કરનારી પરમ્પરાઓ તેમજ ઉત્સવો 11. જીવનમાં સતત માર્ગદર્શન આપનારી નીતિકથાઓ, 12. મહાપુરુષોનાં જીવનચરિત, 13. સ્વતન્ત્રતાની પ્રાપ્તિનો ઈતિહાસ તેમજ તેની જાળવણીના ઉપાયો, 14. પ્રકૃત્તિનું માહાત્મય, 15. પ્રાચીન ભારતની જીવનશૈલી, 16. પ્રાચીન વૈજ્ઞાનિક ઉપકરણો, 17. આધુનિક ઉપકરણો (સાયન્સ અને ટેક્નોલૉજી), 18. સંસ્કૃતસાહિત્યના અમર વારસાનો રસાસ્વાદ કરાવે તેવું સાહિત્ય, 19. પ્રજાતન્ત્રના મૂલ્યને જાળવી રાખનારી નીતિઓ, 20. વેદાદિ શાસ્ત્રોના તથા રાષ્ટ્રના અમર વારસાની જાળવણી માટે આચરવામાં આવેલા તપ અને બલિદાનની પ્રેરક ઘટનાઓ, 21. માનવના સર્વાંગીણ વિકાસ માટે પરિકલ્પિત ષોડશસંસ્કાર, 22. આત્મત્વની શાશ્વતતા પ્રેરક તથ્ય તેમજ તર્ક, 23. વૈશ્વિકસમસ્યાનાં સમાધાન 24. સામ્પ્રવાહો સાથે પ્રાચીનજીવન દર્શનનું સામજસ્ય.

## જીવનમૂલ્યો

પાઠોના વિષયવસ્તુનું લેખન કે સંકલન એ રીતે કરવું કે જેથી કરીને ભણનાર વિદ્યાર્થીના જીવનમાં ગુણાત્મક પરિવર્તન આવે અને નીચે પ્રમાણેનાં જીવનમૂલ્યોને દરેક અવસ્થામાં જાળવી રાખવાની વિદ્યાર્થીમાં ઇચ્છાશક્તિ જાગે અને કાયમી રીતે તે સ્થિર બને.

1. માનવમાત્રના ધર્મ મનાતા સત્ય, અહિંસા, અપરિગ્રહ, અસ્તેય જેવા ગુણ 2. જનસામાન્ય સાથેનો સુમેળ ભર્યો વ્યવહાર કરવાની દક્ષતા 3. માનવમાત્રને સરખો સમજવાની અને તેની સાથે સમાન વ્યવહાર કરવાની અર્થાત્ સામાજિકન્યાયની ભાવના 4. પશુ-પક્ષી તેમજ અધીનસ્થ માણસો સાથે સહયોગ તથા દયાપૂર્ણ વ્યવહાર 5. પરોપકારિતા 6. નિર્લોભિતા અને પ્રામાણિકતા 7. અનુશાસન પ્રિયતા અને નેતૃત્વ 8. શ્રમનિષ્ઠા 9. આત્મવિશ્વાસ સાથે પોતાના કર્તવ્યને નિભાવવાની ભાવના 10. રાષ્ટ્રહિતે બલિદાન આપવાની ભાવના 11. રાષ્ટ્ર પ્રત્યેનું ગૌરવ તથા પ્રેમ 12. સહુની સાથે મૈત્રી તથા ઉદારતાપૂર્વકનું વર્તન 13. પોતાના સાંસ્કૃતિક વારસા પ્રત્યેની ગૌરવાનુભૂતિ 14. વિશ્વબન્ધુત્વની ભાવના સાથે દુષ્ટદમનનું સામર્થ્ય 15. સત્યનો સ્વીકાર અને અસત્યનો અસ્વીકાર કરવાની વૃત્તિ 16. જ્ઞાનાલોકનો પ્રસાર અને અજ્ઞાનાન્ધકારનો વિનાશ કરવા માટેની તત્પરતા 17. બુદ્ધિગમ્ય વિચારણા શક્તિ 18. સ્વાર્થથી ઉપર ઉઠીને પરમાર્થનો વિચાર કરવાની શક્તિ 19. વૃદ્ધોના સમ્માન અને સેવાની ભાવના તથા 20. નિર્વ્યસનીપણું.

## અનુબંધ

સંસ્કૃતભાષા ભારતીય સંસ્કૃતિની વાહક અને અન્ય ભારતીય ભાષાઓની જનની હોવાને નાતે જીવન સાથેનો પ્રત્યક્ષ અનુબન્ધ ધરાવે છે. વ્યક્તિના જન્મથી લઈ મરણ સુધીની જીવનયાત્રામાં સંસ્કૃતનું ઔચિત્યપૂર્ણ સ્થાન આજે પણ સચવાય રહ્યું છે. સંસ્કૃતભાષામાંથી ઉતરી આવેલી અન્ય ભારતીય ભાષાઓના અને શબ્દભંડોળ સંસ્કૃતનિષ્ઠાને અપનાવીને જ પ્રશિષ્ટ બને છે. સંસ્કૃત ગુણવિકાસ અને મૂલ્યસંસ્થાપન માટેનું સબળ માધ્યમ છે.

સંસ્કૃતમાં જ સર્વ ક્ષેત્રોના જ્ઞાનના મૂળ રહેલા છે. ગીત, સંગીત, નૃત્ય, વાદ્ય, નાટ્યકળા, શિક્ષણ, રાજનીતિ, વિજ્ઞાન, અર્થશાસ્ત્ર, રાજ્યશાસ્ત્ર, સમાજશાસ્ત્ર, આયુર્વેદ, યોગ, ધર્મશાસ્ત્ર, ગણિત, ભાષા અને પર્યાવરણ જેવા ઘણા વિષયો સાથેનો અનુબંધ સંસ્કૃતભાષા ધરાવે છે.

શાળામાં શીખવવામાં આવતા વિષયો પૈકી ભાષાઓના શિક્ષણમાં તો સંસ્કૃતનું જ્ઞાન આધારશિલારૂપ છે. સંસ્કૃત ભાષાનો અભ્યાસ અન્યભાષાઓ વિશેષરૂપે ગુજરાતી અને હિન્દીભાષાના અભ્યાસને સરળ અને સંગીન બનાવે છે. પ્રાદેશિક ભાષાના વ્યાકરણ, શબ્દભંડોળ અને સાહિત્ય ઉપર સંસ્કૃતની પ્રભાવક અસર છે.

માતૃભાષામાં ભણાવતા ગણિત અને વિજ્ઞાનમાં આવતી પારિભાષિક શબ્દાવલી સંસ્કૃતના આશ્રયે તૈયાર થયેલી હોઈ સંસ્કૃતભાષાના શિક્ષણ થકી વધારે પ્રતીતિકારક બની રહે છે. આવી જ રીતે ઇતિહાસ, ભૂગોળ, નાગરિકશાસ્ત્ર, અર્થશાસ્ત્ર જેવા સામાજિક વિજ્ઞાનના વિષયમાં પણ પારિભાષિક શબ્દોની સમજ સંસ્કૃતભાષાના જ્ઞાનને આભારી છે. એટલું જ નહીં સંસ્કૃતભાષા - સાહિત્યનું જ્ઞાન ઐતિહાસિક ઘટનાઓ, પાત્રો, ભૌગોલિક સ્થળો ઇત્યાદિના અભ્યાસમાં પૂરક બને છે.

આ ઉપરાન્ત સંસ્કૃત ખગોળ, જ્યોતિષ, વ્યાયામ, આરોગ્ય, તબીબીશિક્ષણ અને તકનીકી શિક્ષણ સાથે પણ ઘનિષ્ઠ સંબંધ ધરાવે છે. આમ સંસ્કૃતનો અનુબન્ધ ભાષાઓ ઉપરાન્ત અન્ય વિષયો તેમજ વિદ્યાશાખાઓ અને જીવનના તમામ ક્ષેત્રો સાથે સહજ અને જીવન્ત છે.